<u>ફોજદારી કેસ નં. ૯૧૬૧/૨૦૨૦ ના કામે આંક–૧ હેઠળનો હુકમ.</u>

આજરોજ કેસ સ્પેશ્યલ સીટીંગમાં હાથ પર લેવામાં આવ્યો. રેકર્ડ ધ્યાને લેતા આરોપી છેલ્લા ઘણા સમયથી કોર્ટમાં હાજર રહેલ નથી. આરોપી સામે અવારનવાર છેલ્લા ઘણા સમયથી પ્રોસેસ ઇશ્યુ કરવામાં આવેલ છે, પરંતુ તે મળી આવેલ નથી અને તેઓની સામેના પ્રોસેસ બજી શકતા નથી. આરોપીના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો સમન્સ ટ્રાયેબલ ઓફેન્સ છે. આ કેસમાં ફરીયાદપક્ષ આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે. વળી, નામદાર હાઈકોર્ટ દ્વારા પણ સ્પેશ્યલ સીટીંગમાં આવા ઈનફ્રકચ્યુઅસ કેસો હાથ ઉપર લઈ યોગ્ય તે નિર્ણય કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે. આ તબકકે નામદાર બોમ્બે હાઈકોર્ટનું ***<u>Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom)</u>*** વાળુ જજમેન્ટ વંચાણે લેતાં તેમાં નામદાર બોમ્બે હાઈકોર્ટે પેરેગ્રાફ –૭ માં નીચે મુજબનું ઓબ્ઝર્વેશન કરેલ છે.

> 7. "............ Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as hereinabove stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as <u>non-appearance of the accused before the Court for considerable time</u> or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of the Code can be resorted to. .............."

આમ, આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલના કેસમાં ઘણો સમય થવા છતાં ફરીયાદપક્ષ આરોપીને અત્રેની કોર્ટમાં હાજર રખાવી શકેલ ન હોય, આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ જોતાં તેમજ કેસનો પ્રકાર જોતાં

કેસની કાર્યવાહીને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતું નથી. જેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ અન્વયે તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મૂકવી યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

– :: આખરી હુકમ :: –

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમ છતાં પોલીસ દ્વારા આરોપીની શોધ કરવામાં આવે અને આરોપી મળી આવે તો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

મુદ્દામાલ દારુનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડ નાણાં કબજે લીધેલ હોય તો તે અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા.

આ કામે કોઈ મુદ્દામાલ વાહન અથવા અન્ય કોઈ કિંમતી મુદ્દામાલ કબજે લીધેલ હોય અને તે અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અન્યથા માલિકીનો આધાર રજૂ કર્યેથી આવો કિંમતી મુદ્દામાલ માલિકને પરત સોંપવાનો અને જો માલિક ન મળી આવે કે આવી માગણી ન કરે તો સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નામદાર વડી અદાલત દ્વારા નકકી કરવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૧૨/૨૦૨૧.
**<u>સ્પેશીયલ સીટીંગ</u>**

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ.
**UID - GJ00687**

KGHOTWANI23/8-2/73